આંક– ૩૯ નું સાંધાણ

<u>સોગંદઆપ્યા</u>

પ્રતિવાદીના વિ.વ.શ્રી તરફ થી આંક ૪૦ વાળા આધાર લીસ્ટ મુજબ ના માર્ક ૧૨/૬ થી ૧૨/૮ તથા માર્ક ૪૦/૧ થી ૪૦/૩૨ વાળા આધારોને આંકે પાડવાની રજુઆત કરતા હોય જયારે વાદીનાં વિ.વ.શ્રી તરફ થી તરફ થી માર્ક ૧૨/૬ થી ૧૨/૮ તથા માર્ક ૪૦/૧ થી ૪૦/૩૦ વાળા આધારોને પુરવાર કરવાની શરતે આંકે પડે તેમાં વાંધો નથી માર્ક ૪૦/૩૧ તથા ૪૦/૩૨ વાળા આધારો સામે વાધો છે કારણે કે તે ઈલેકટ્રીકટલ એવીડન્સ હોય પુરાવાના કાયદાની જોગવાઈ મુજબ કલમ ૬૫ બી ના સર્ટીફીકેટ સાથે રજુ કરેલ નથી જેથી ગ્રાહય રાખી શકાય નહી. પ્રતિવાદી પક્ષે રજુઆત છે કે, મારા મોબાઈલ પર આવેલી અને તેની પ્રિન્ટ કાઢેલી છે અને સોગદનામામાં તે હકીકત જાહેર કરેલ છે તેથી કલમ ૬૫ બી ની જોગવાઈનું કોમ્પ્લાયન્સ થઈ ગયેલ છે તેથી વાધો તે રીતે જોઈ શકાય નહી.

હુકમ –: **Arjun Panditrao Khotkar v. Kailash Kushanrao Gorantyal, 2020 SCC OnLine SC 571, decided on 14.07.2020** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે જણાવેલ છે કે જયારે ઈલેકટ્ર ોનીક એવીડન્સ ઓરીજનલ અદાલતમાં રજુ ન થતો હોય અને સ ેકન્ડરી એવીડન્સ રજુ થતો હોય ત્યારે તેમાં પુરાવા ધારા કલમ ૬૫ બી

નું સર્ટીફીકેટ સામેલ રાખવું જરૂરી છે. તે સીવાય આવો પુરાવો પુરાવા તરીકે દાખલ કરી શકાય નહી. હાલના કેસમાં પ્રતિવાદી તરફે જે રજુઆત છે તે કાયદા મુજબની જણાતી નથી. પુરાવા ધારા કલમ ૬૫ બી માં જે હકીકતો જણાવવાની છે તેવી કોઈ હકીકત સાહેદના સરતપાસના સોગંદનામામાં જણાતી નથી. નામદાર બોમ્બે હાઈકોર્ટે પોતાના **ARK Shipping Co. Ltd. vs GRT Shipmanagement Pvt. Ltd. (2008 (1) ARBLR 317 Bom)** ચુકાદામાં તો આ સર્ટીફીકેટ કેવું હોવું જોઈએ તેનો નમુનો પણ આપેલ છે. તેવી કોઈ હકીકત આ સરતપાસમાં જણાતી ન હોય આ અદાલત નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો માનવા ફરજ બધ્ધ હોય તેથી માર્ક ૪૦/૩૧ અને ૪૦/૩૨ સિવાયના તમામ દસ્તાવેજોને આંક – ૪૧ થી ૭૩ આપ્યા.

## ઉલટ તપાસ – વાદી તરફે વિ. વ.શ્રી ડી.અમે. જાડેજા

એ વાત ખરી છે કે, દીપાબેન મારા કાકાઈ બહેન થાય છે. એ વાત ખરી છે કે, પ્રતિવાદી નં. ૧ હીરાલાલભાઈ મારા પિતા થાય પ્રતિવાદી નં. ૨ વાળા પત્ની થાય તથા પ્રતિવાદી નં. ૩ વાળા માતૃશ્રી છે. એ વાત ખરી નથી કે, વાદી નંબર ૧ અને વાદી નં. ૨ વાળા ભાઈ બહેન બનાવેલ છે. એ વાત ખરી છે કે, વાદીઓએ દાવાવાળો પ્લોટ સને ૨૦૦૭ માં ખરીદ કરેલ તે વખતે આ પ્લોટ પર અન્ય વ્યકિતનો કબજો હતો. એ વાત ખરી નથી કે, દાવાવાળ

---
સાહેદની સહી

પ્લોટનો મે કહેવાતો દસ્તાવેજ કરી આપેલ તે વખતે અન્ય કોઈ વ્યકિતનો કબજો ન હતો અને ટાઈટલ કલીયર હતુ. એ વાત ખરી છે કે, સને ૨૦૧૭ માં કહેવાતો દસ્તાવેજ કરી આપેલ તે વખતે દાવાવાળા પ્લોટ સબંધે કોઈ કેસ ચાલુમાં ન હતો. એ વાત ખરી છે કે, સને ૨૦૧૭ માં કહેવાતો દસ્તાવેજ કરી આપેલ તે વખતે કોઈ ત્રાહીત પક્ષકારનો કબજો ન હતો અને ટાઈટલ કલીયર હતા. એ વાત ખરી છે કે, દાવાવાળા પ્લોટ ઉપર જે લોકોનો કબજો હતો તે લોકો સાથે સમાધાન કરવા અને ટાઈટલ કલીયર કરાવવા મને જનરલ પાવરનામું મળેલુ. એ વાત ખરી છે કે, મે આ કામે ચુકતે પેમેન્ટની પહોંચ રજુ કરેલ છે તેમાં અવેજની કોઈ રકમ બતાવેલ નથી. એ વાત ખરી છે કે, ચુકતે પેમેન્ટની પહોંચમાં અવેજ કયારે ચુકવ્યો તેની તારીખ કે સમય જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, પારસ જગદીશ પોકાર અને સારદાબેન જગદીશ પોકારને જમીનની અવેજની કોઈ રકમ ચુકવેલ નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળા પ્લોટ સબંધે પારસ અને સારદાબેનને કોઈ લેવા દેવા નથી. એ વાત ખરી નથી કે, દાવાવાળા પ્લોટમાં પારસ જગદીશ પોકાર તથા સારદાબેન જગદીશ પોકારનો કોઈ હકક હિસ્સો આવેલ નથી.

**સવાલ –::** દાવાવાળા પ્લોટ અંગે તમે કહેવાતો દસ્તાવેજ કરેલ તે વખતે અવેજની કોઈ રકમ ચુકવેલ નથી ?

**જવાબ –::** જયાર થી મને પાવર મળેલો ત્યાર થી કરી સને ૨૦૧૬ સુધી તેમજ દસ્તાવેજ સુધી મારા કાકાને પેમેન્ટની બધી જાણ છે.

______________
સાહેદની સહી

એ વાત ખરી છે કે, દસ્તાવેજના દિવશે કોઈ રકમ ચુકવાયેલ નથી. એ વાત ખરી છે કે, વાદીઓને અવેજની રકમ મળેલ હોય તેવો તેમની સહી વાળો કોઈ પણ આધાર મે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, એવો આધાર એટલા માટે રજુ કરેલ નથી કે, વાદી સાથે કોઈ અવેજની લેતી દેતી થયેલ જ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળો પ્લોટ વાદીઓ અને પ્રતિવાદી નં. ૧ નો સયુકત નામનો હતો. એ વાત ખરી છે કે, દાવાવાળા પ્લોટ અંગે સને ૨૦૧૭ માં કહેવાતો દસ્તાવેજ થયેલ તે પહેલા કોઈ પાર્ટીશન રહેલ નથી. એ વાત ખરી છે કે, મે દાવાવાળા પ્લોટ ખાલી કરાવવા માટે મોટી રકમનું ચુકવણું કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ કેટલી રકમ ચુકવાયેલ તેની વિગત જણાવેલ નથી. આ દાવાવાળ પ્લોટ ખાલી કરાવવા સબંધે કુલ કેટલો ખર્ચ થયેલ અને કોને કોને રકમ ચુકવેલ તેની વિગત હું જણાવી શકુ. આ દાવાવાળા પ્લોટ ખાલી કરાવવા મે જયસુખભાઈ ભટૃ ને રુા.૫૧,૦૦૦/– ચુકવેલ તથા સવા રબારી અને કલા રબારીને રુા.૧,૦૦,૦૦૦/– ચુકવેલ તેમજ શંકરભાઈ નટને તથા તેમની પત્ની ને રુા.૧,૫૦,૦૦૦/–ચુકવેલા . એ વાત ખરી નથી કે, ઉપર જણાવેલ રકમ પ્રતિવાદી નં. ૨ અને ૩ વાળાએ ચુકવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મે જે કાંઈ પણ ખર્ચ કરેલ તે ચેક થી ચુકવાયેલ નથી.

એ વાત ખરી છે કે, દાવાવાળા પ્લોટ ઉપર શ્રી શિવ સહાય માતા પ્રસાદ નું ખુન સને ૨૦૨૦ માં થયેલ. એ વાત ખરી છે કે, તે વખતે હું વહીવટ

કરતો એટલે મે પોલીસ ફરીયાદ લખાવેલી. એ વાત ખરી નથી કે, ગુજરનારના વારસોને વાદીઓ ધ્વારા વળતરની રકમ ચુકવાયેલ. એ વાત ખરી છે કે, મે ગુજરનારના વારસોને વળતરની રકમ ચુકવેલી નથી . એ વાત ખરી છે કે, ગુજરનારના વારસોએ સહાય માટે વળતર મેળવવા કેસ કરેલો. એ વાત ખરી છે કે, સને ૨૦૧૭ ના કહેવાતા દસ્તાવેજમાં પારસ જગદીશભાઈ પોકાર અને સારદાબેન જગદીશભાઈ પોકાર પક્ષકાર નથી. હું ઈન્કમટેક્ષ ભરુ છું. એ વાત ખરી છે કે, રુા.૧૦,૦૦૦/– થી વધુની રકમ નો કોઈ પણ વહેવાર કરવો હોય તો તે ચેક થી થઈ શકે તે હું જાણુ છું. એ વાત ખરી છે કે, દાવાવાળા વહેવાર ચેક થી કરવા જોઈએ તેવુ મને ચોગ્ય જણાચેલ નહી. એ વાત ખરી છે કે, મે આ કામે આંક– ૪૭ થી ૫૧ થી રજુ થયેલ કંકોત્રીઓમાં પ્લોટ નંબર અને સર્વે નંબરની કોઈ વિગતો જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે જે આંક– ૫૯ થી  ૭૩ વાળા બીલો રજુ કરેલ છે તે મે ચુકવેલ હોય તેવી વિગત જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આવા કોઈ ખર્ચેની રકમ મે ચુકવેલ નથી. એ વાત ખરી નથી કે, વાદીઓએ દાવાવાળા પ્લોટનાં દબાણ દુર કરી ટાઈટલ કલીયર કરી આપવાનું કાર્યવાહી માટે આપેલ પાવરનામાનો દુર ઉપયોગ કરી અવેજ વીનાના ખોટા દસ્તાવેજો વાદીઓ સાથે ફ્રોડ કરી બનાવેલ છે. એ વાત ખરી છે કે, મે જે તા. ૧૭/૭/૧૭ ના ચુકતે પેમેન્ટની પહોંચ કરી આપેલ છે તે દિવસે અવેજ ની કોઈ રકમ ચુકવેલ નથી.

સાહેદની સહી

**સવાલ –:** તમે રજુ કરેલ ચુકતે પેમેન્ટની પહોંચમાં અલગ અલગ દિવસ ે અવેજ ની રકમ ચુકવાયેલ હોય તેવી કોઈ વિગત જણાવેલ નથી ?

**<u>પ્રતિવાદીનો વાંધો છે</u> –: દસ્તાવેજને આંક પડેલ છે અને તેના કન્ટેશન વાચવામાં આવશે તે સંજોગોમાં ડોકયુમેન્ટ અગેન્સ ના સવાલો દસ્તાવેજની હકીકતો વિરુધ્ધના સવાલો પુછી શકાય નહી કે અભીપ્રાય પુછી શકાય નહી.**

**–:: <u>હુકમ</u> ::–**

દસ્તાવેજ ઉપર ઉલટ તપાસ વખતેનો હુકમ

**Allahabad High Court Ajodhya Prasad Bhargava vs Bhawani Shanker Bhargava And Anr. on 8 May, 1956 Equivalent citations: AIR 1957 All 1 ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટે સ્પષ્ટ કરેલ છે કે જયારે પક્ષકાર જે દસ્તાવેજ ઉપર આધાર રાખતો હોય તે દસ્તાવેજની તમામ હકીકતો તેને કબુલ ગણાય અને તેમાં કોઈ હકકીતનો લાભ સામો પક્ષકાર લેવા માંગતો હોય તો તે હકીકત ઉપર ઉલટ તપાસ વખતે જે તે પક્ષકારનું ધ્યાન દોરવું જરૂરી નથી. તે ધ્યાન દોર્યા વગર પણ આખરી તબકકે તે મુદો ઉઠાવી શકે છે. આ સિધ્ધાંત નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના Vathsalsamanickavasagam & Ors vs N. Ganesan & Anr on 2 July, 2013 (2013) 9 SCC 152, ચુકાદામાં ગ્રાહય રાખેલ છે. તથા જણાવેલ છે કે "...It has been held by this Court in <u>Bharat Singh v. Bhagirath</u> [1966] 1 SCR 606 = AIR 1966 SC 405 that an admission**

સાહેદની સહી

**is substantive evidence of the fact admitted, and that admissions duly proved are "admissible evidence irrespective of whether the party making them appeared in the witness box or not and whether that party when appearing as witness was confronted with those statements in case it made a statement contrary to those admissions." In taking this view this Court has noticed the decision in Ajodhya Prasad Bhargava v. Bhawani Shanker - AIR 1957 All 1 (FB) also."**

**તેથી વાદીના વિ.વકીલશ્રીને નમ્ર વિનંતી કે આપણે કાયદાની મર્યાદામાં રહીને ઉલટ તપાસ આગળ ચલાવીએ.**

એ વાત ખરી નથી કે, દાવાવાળા પ્લોટ પરથી દબાણ દુર કરાવવી ટાઈટલ કલીયર કરવાની કાર્યવાહીમાં જે કાંઈ પણ ખર્ચ થયેલ તેમાં વાદીઓએ પોતાનો હિસ્સો મને ચુકવી આપેલ છે. એ વાત ખરી છે કે, મે જાતે કોઈ ખર્ચ કરેલ નથી. એ વાત ખરી છે કે, દાવાવાળા પ્લોટ ઉપર જે વિજ કનેકશન આવેલ છે તે સને ૨૦૧૬ થી આવેલ છે. એ વાત ખરી છે કે, વિજ કનેકશન વાદીઓની સંમતિ થી ગીતાબેનના નામે લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, ગીતાબેન અને જશુબેને દાવાવાળા પ્લોટનો વહીવટ કરવા કોઈ પાવરનામું આપેલ હોય તેવુ પાવરનામું મે આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પ્લોટ નંબર ૩ વાળા બાબતે ગીતાબેન અને જશુબેને મને કોઈ પાવરનામું આપેલ નથી કે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પ્લોટ નંબર ૩ બાબતે ગીતાબેન અને જશુબેન ના પાવરદાર તરીકે મે કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી નથી કે, વાદીઓને કોઈ અવેજ મળેલ ન હોવા છતાં કહેવાતો દસ્તાવેજ ખોટી રીતે ફ્રોડ કરી આપેલ છે. એ વાતા ખરી છે કે, સીટી સર્વે દફતરે આજ ની

---

તારીખે પણ દાવાવાળો પ્લોટ વાદીઓ અને પ્રતિવાદીઓના સયુકત નામે આવેલો છે. એ વાત ખરી નથી કે, સોગદ ઉપર ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથીકે, દાવાવાળા પ્લોટ નો કબજો વાદીઓનો સંયુકત કબજો રહેલ છે.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૮– ૦૨ – ૨૦૨૩
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

સાહેદની સહી

સાહેદની સહી